**GOVERNMENT OF GUJARAT**

**HOME AND CIVIL SUPPLIES DEPARTMENT**

Sachivalaya, Ahmedabad-15, 2nd July, 1965.

**ORDER**

PREVENTION OF CORRUPTION ACT, 1947.

No. G.G./492/ACB/2865/880-H.--In exercise of the powers conferred by the first proviso to sub-section *(1)* of section 5-A of the Prevention of Corruption Act, 1947 (M of 1947), the Government of Gujarat hereby authorises for the purposes of the said proviso every police officer not below the rank of an Inspector of Police attached to the Anti-Corruption Bureau, Gujarat State.

By order and in the name of the Governor of Gujarat,

**F. J. HEREDIA**
Secretary to Government

---

*ખાનગી*

***તકેદારી પંચ તરફથી આવેલ***
***કિસ્સાઓમાં તપાસ અને નિકાલ બાબત.***

**ગુજરાત રાજ્ય,**

**ગૃહ અને નાગરિક પુરવઠા ખાતું,**

પરિપત્ર ક્રમાંક-એસવીસી-૧૦૬૫-૧૨૪-હ,

તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૬૫.

**સરકારી પરિપત્ર**

સચિવાલયના સર્વે ખાતાઓના સચિવશ્રીઓ અને અન્ય ખાતાઓના વડાઓનું ધ્યાન તા. ૧૭-૪-૬૪ના તકેદારી પંચના બંધારણ અને કાર્યક્ષેત્ર અંગેના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક (અંગ્રેજી) એસ. વી. સી. ૧૦૬૪-જીના ફકરા ૪(૫) પર દોરવામાં આવે છે, અને તેઓને જણાવવામાં આવે છે કે ફકરા ૪(૪)(બી) અન્વયે તકેદારી પંચ તરફથી કોઈ કિસ્સામાં તપાસ કરી અહેવાલ પાઠવવાનું જણાવવામાં આવે ત્યારે સાધારણ રીતે સંડોવાયેલ કર્મચારી સામે કોઈ પગલાં જેવાં કે તેમની બદલી કરવી કે ફરજ મોકુફી પર મુકવાં જેવાં પગલાં લેવાં નહીં જોઈએ. સિવાય કે તેવાં તાત્કાલિક પગલાં લેવાં માટે કોઈ વિશિષ્ટ સંજોગો હોય. આવા કિસ્સામાં જરૂરી તપાસ કરાવી તેનો અહેવાલ ફકરા ૪(૫) અન્વયે તકેદારી પંચને મોકલી તેમની સલાહ લીધા વગર ખાતાકીય પગલાં લેવા વિષે અથવા બીજી કાર્યવાહી વિષે કોઈ નિર્ણય લેવો ન જોઈએ.

૨. સચિવાલયના ખાતાઓ જ્યારે તકેદારી પંચ તરફથી આવેલા કિસ્સાઓ તપાસ માટે કોઈ ખાતાના વડાને અથવા બીજા અધિકારીને મોકલે ત્યારે તે કિસ્સાઓ તકેદારી પંચ તરફથી આવ્યા છે તે વિષે સ્પષ્ટતા કરે, અને ઉપરોક્ત ઠરાવના ફકરા ૪(૫) તરફ તેમનું ધ્યાન દોરે.

**રૂ. કે અંકલેસરીયા**
સરકારના નાયબ સચિવ